# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૫૬૧૪-૩ | તારીખ : ૧૮ - ૦૮ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,

ડોબરીયા સમજુબેન દામજીભાઈ

C/o, ડોબરીયા દામજીભાઈ સવજીભાઈ, "શિવ શક્તિ", વાયા : સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, પોસ્ટ : કણકોટ ,

મું. પો. : રામનગર, તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૦૦૫

મોબાઈલ : ૯૯૦૪૭૩૬૫૭૧

વિષય : ૩ ફેઈઝ ઇન્ડસ્ટ્રીયલ જોડાણમાં નામ બદલી કરાવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૬-૦૭-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૩/ક્વા-૨/૨૨-૨૩/** 5614-3 **તા.** 18-08-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-03/ક્વા-૧/૨૨-૨૩**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| અરજદાર | : ડોબરિયા સમજુબેન દામજીભાઈ | ગામ: રામનગર |
| પેટા વિભાગીય કચેરી | : વાવડી | |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. | |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માંકડિયા, કાર્યપાલક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ હાજર રહેલ છે. |

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |
| ૩) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન.જી. કારીયા |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૫.૦૮.૨૦૨૨ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫.૦૮.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ શેડ નં. ૫, પ્લોટ નં. ૧૫ પુનમ ડમ્પર ચોક, ગોંડલ રોડ ખાતે ગ્રાહક નં. ૩૩૫૧૪/૦૧૮૫૫/૪ થી વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ ૧૩ KW નું ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ ધરાવે છે. સદર ઈન્ડસ્ટ્રીયલ શેડમાં આવેલ વીજજોડાણમાં અરજદાર દ્વારા નામ બદલી માટે અરજી કરેલ, જેના લાઈટબીલમાં શેડ નં. ૫ દર્શાવેલ છે.

૨.૧ અરજદાર જણાવે છે કે નામ બદલી માટે જગ્યાનો દસ્તાવેજ તેઓ દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૦ ના રોજ દસ્તાવેજ નં. ૨૩૫૮૫ થી કરવામાં આવેલ. જેમાં ગુજરાતી ભાષામાં પ્લોટ નં. ૧૫ સબપ્લોટ નં. ૧૫/એ તેમજ શેડ નં.૧ દર્શાવેલ છે, તેમજ ઇન્ડસ્ટ્રીયલ શેડની ચતુર્દિશા ગુજરાતી ભાષામાં દર્શાવેલ છે. સદર

જગ્યા પર હાલમાં લાગેલ મીટર નં. ૧૦૪૪૯૦૩૪ પી.જી.એલ. ૧૩૨૧૪૨ જે મીટર શેડ નં. ૧ માં જ આવેલ છે. જે તે સમયે મીટર લગાવતી વખતે પ્રફોર્મા-૧૫ નંબર ભરતી વખતે શેડ નંબર ખોટા લખાયેલા છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા લગભગ ૮ માસ પહેલા નામ ફેરબદલ કરવા માટે અરજી કરેલ છે, પરંતુ સંલગ્ન કચેરી દ્વારા આજ સુધી તેઓના બીલમાં શેડ નંબર સુધારી આપેલ નથી કે સ્થળનું પંચરોજકામ પણ કરેલ ન હોય તેમજ નામ ફેરબદલ પણ કરી આપેલ ન હોય, સદર વીજજોડાણમાં વહેલીતકે નામ ફેરબદલ કરી આપવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર જણાવે છે કે, ગ્રાહક નં. ૩૪૫૧૪/૦૧૮૫૫/૪ થી ભુપતભાઈ એમ. પાનસુરીયાના નામેથી ડોબરિયા સમજુબેન દામજીભાઈ નામે બદલી કરવા માટે અરજી મળેલ જે અન્વયે સદર વીજજોડાણની મૂળ કેઈસ ફાઈલ ચકાસણી કરતા આ વીજજોડાણ વાવડીના રે. સર્વે નંબર : ૨૦ પ્લોટ નં. ૧૫ ના શેડ નં. ૫ માં આપેલ છે.

3.૧ અરજદારની રજૂઆત મુજબ નામ બદલીની અરજી સાથે જોડેલ વેચાણ દસ્તાવેજ મુજબ રે. સર્વે નં. ૨૦ પ્લોટ નં. ૧૫ ના શેડ નં. ૧ છે, જેથી આ બાબતે અરજદારને તા.૨૮.૦૬.૨૦૨૨ ના રોજ રે. સર્વે નં. ૨૦ ના પ્લોટ નં. ૧૫ ના શેડ નં. ૧ ના દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ હતું, પરંતુ રજુ કરેલ ના હતા. ત્યારબાદ અરજદાર દ્વારા ફરીથી તા.૧૬.૦૭.૨૦૨૨ ના પત્રથી અરજી કરેલ, જે અન્વયે તા.૨૦.૦૭.૨૦૨૨ ના રોજ ફરીથી લાગુ પડતા જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ છે જે રજુ થયેથી નામ બદલીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

3.૨ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા ગ્રાહકની અસલ ફાઈલ સાથે ડોક્યુમેન્ટ ચકાસણી કરતા શેડ નંબરમાં ફેરફાર માલુમ પડેલ. અસલ ફાઈલ મુજબ ઉપરોક્ત વીજજોડાણ વાવડી રે.સર્વે નં.૨૦ પ્લોટ નં. ૧૫-એ ના શેડ નં. ૦૫ માં અપાયેલ છે. હકીકતે પ્લોટ નં. ૧૫-એ અને ૧૫-બી માં કુલ ૭ શેડ બનાવવામાં આવેલ હતા. જેમાં અનુક્રમે પ્લોટ નં. ૧૫-બી માં ૪ શેડ અને પ્લોટ નં ૧૫-એ માં ૩ શેડ બનવવામાં આવેલ હતા. તે મુજબ કુલ ૦૧ થી ૦૭ નંબર આપેલ હતા.

3.3 ત્યારબાદ પ્લોટ નં. ૧૫-એ વેચાણ કરતી વખતે કુલ શેડ ૦૩ ને ફરીથી ક્રમ નં. ૦૧ થી દસ્તાવેજ માં ઉલ્લેખ કરેલ છે.

3.૪ ઉપરોક્ત ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ જે સ્થળે આપવામાં આવેલ તે જ સ્થળ પર મીટર નં. ૧૦૪૪૯૦૩૪ છે જે પ્રોફોર્મા ૧૫ સાથે મેચ થાય છે એટલે જે પ્રથમ ૧ થી ક્રમ આપવામાં આવેલ તે ખરેખર એપુવ્ડ પ્લાન મુજબ ૧૫-એ અને ૧૫-બી ના પ્લાન મુજબ આપવામાં આવેલ હોત તો ક્રમ નં મા ફેરફાર ન આવત.
સદર કેસમા વાવડી અર્બન સબડીવીઝન એ વારંવાર પત્ર લખી શેડ નંબર ક્રમમા ફેરફાર થવા બાબત સ્પષ્ટતા આધાર સાથે રજુ કરવા ફરિયાદીને જણાવેલ હતું.

3.૫ ઉપરોક્ત બાબતે ફરિયાદી દ્વારા તા. તા.૨૯.૦૭.૨૨ ના રોજ એક અરજી ગ્રાહકે આપેલ જેમાં શેડ નં બાબતની સ્પષ્ટતા કરેલ અને તે સાથે આજ સ્થળ માટેના જી.એસ.ટી નંબરનું પ્રમાણપત્ર અને આર.એમ.સી. ની સદર સ્થળ માટેની વેરા પહોચ સામેલ કરેલ છે. જે અનુસંધાને સદર પુરાવાને ધ્યાને લઇને સ્થળ રોજકામ કરી અરજદારની અરજી મુજબ જોડેલ આધાર-પુરાવા મુજબ શેડ નંબરમાં ફેરફાર કરી આપેલ છે તેમજ નામ બદલીની અરજી નું રજીસ્ટ્રેશન કરેલ છે. આમ, અરજદાર ની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી અરજદારની લેખિત સમંતિ તા.૦૧.૦૮.૨૦૨૨ થી નિરાકરણ કરાયેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારની લેખિત અને સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ડોબરિયા સમજુબેન દામજીભાઈ ગ્રાહક નં.૩૪૫૧૪/૦૧૮૫૫/૪ થી NRGP ટેરીફ હેઠળનું વીજજોડાણ ભુપતભાઈ એમ. પાનસુરીયાના નામે ધરાવે છે, જેથી તેઓ દ્વારા દસ્તાવેજ નં - ૨૩૫૮૫ તા.૦૧.૧૨.૨૦૧૦ થી તેઓના નામે નામબદલી કરવા માટે અરજી કરતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા શેડ નંબર અલગ જણાતા નામ બદલીની કાર્યવાહી કરેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ ઉપરોક્ત બાબતે મુદ્દા નં ૩.૫ મુજબની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા આ ફરિયાદનું સુખદ નિરાકરણ લાવતાં અરજદારે તા.૦૧.૦૮.૨૦૨૨ ના રોજ લેખિત સંમતિપત્ર મુજબ સહી કરી આપેલ છે. તેથી આ ફરિયાદ ફોરમે ચલાવવાની રહેતી નથી.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |